જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૧/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૦૨/૧૬

## શરીરે કેમિકલ નાખી તેમજ છુટા પૈસા ફેંકી નજર ચુકવી ચોરીઓ કરનારી કર્ણાટકની આંતરરાજ્ય નાયડુ ગેંગના ૧૫૦ થી વધુ ગુનાઓમાં સંડોવાયેલ બે સાગરિતોને ચોરીના રૂ.૧,૮૬,૪૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

---

અમદાવાદ શહેર તથા આજુબાજુના શહેર વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી શરીરે મેલું નાખી તેમજ ગાડીઓના કાચ તોડી નજર ચુકવી ચોરીઓના અસંખ્ય બનાવો બનવા પામેલ હોય આવા પ્રકારના વણ શોધાયેલ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂં શહેર પોલીસ કમિશ્નરશ્રીએ અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી સાયબર સેલ નાઓની સુચનાથી પો.ઇન્સ.શ્રી કે.આઇ.મોદી સા.ની ટીમના પો.સ.ઇ શ્રી એ.વાય.બલોચ, પો.સ.ઈ.શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઈ.શ્રી જે.પી.રોજીયા નાઓ તેમના સ્ક્વૉડના માણસો સાથે અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં નિકળેલ તે દરમ્યાન સ્ટાફના હે.કો. રાકેશકુમાર રમાશંકર તથા પો.કો.જાવેદખાન યાસીનખાન નાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે આરોપીઓ (૧) બાબુ મારપ્પા નાયડુ ઉ.વ.૩૦ રહે. હાલ છારાનગર, ભિલવાસ, સાબરમતી, અમદાવાદ શહેર મુળ વતન ગામ હોસમને, તા.ભદ્રાવતી, જિ. સિમોગા, કર્ણાટક. તથા (૨) ક્રિષ્ના @ સત્યા બાબુ નાયડુ ઉ.વ.૩૧ રહે.હાલ મ.નં.બી/૧૨ સાનીધ્ય એપાર્ટ્મેન્ટ, ચિંતામણી સોસાયટી, અચેર ગામ, સાબરમતી, અમદાવાદ શહેર મુળ રહે. હોશમને, તા.ભદ્રાવતી, જિ.સિમોગા, કર્ણાટક નાઓને રોકડ નાણાં રુપિયા ૧,૮૬,૪૦૦/- ની મત્તા સાથે પકડી પાડેલ.

પકડાયેલ બંને આરોપીની સઘન પુછપરછ કરતાં તેઓ બંને કાકાના દીકરા થાય છે અને નાનપણથી જ પોતાના વતન કર્ણાટકથી મુંબઈ ખાતે રહે છે અને સાડીઓનો ધંધો કરવાના બહાને મુંબઈ ખાતે ઉલ્લાસનગર, વિઠ્ઠલવાડી તથા તેની આજુબાજુના વિસ્તારમાં ચોરીઓ કરતા હતા અને ભીડભાડવાળી જગ્યાઓ રેલ્વે સ્ટેશન તથા બસસ્ટેશન તેમજ હોસ્પિટલ આજુબાજુના વિસ્તારોમાં ઉભા રહી કોઈ થેલો કે બેગ તથા કિમતી સામાનની નજર ચુકવી છેલ્લા દશેક વર્ષ દરમ્યાન આશરે ૨૦ થી ૨૫ જેટલી ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે. અને આ આરોપીઓ પૈકી આરોપી નં.(૨) ક્રિષ્ના @ સત્યા બાબુ નાયડુ અગાઉ મુંબઇ ભાયંદર ખાતે બેગ લીફ્ટીંગના ગુનામાં પકડાયેલ છે અને છ મહીના જેટલું થાણે જેલમાં પણ રહી ચુકેલ છે.

આ આરોપીઓ છેલ્લા ચાર પાંચ માસથી બીજા સાગરિતો સાથે ચોરીઓ કરવાના આશયથી મુંબઈથી અમદાવાદ ખાતે આવેલ હતા અને ભાડેથી મકાન રાખી રહેતા હતા અને તેઓ સાડીઓનો ધંધો કરતા હોવાનો ડોળ કરી મોટર સાયકલ પર બેસી ચોરીઓ કરવા નીકળતા અને કોઇના શરીર પર મેલુ નાંખી, ખંજવાળ આવે તેવુ કેમીકલ કોઇના શરીર પર નાંખી, લોકોની નજર ચુકવી બેગ અને પર્સ ચોરી કરવાનુ કામ કરતા હતા.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

તેઓએ અમદાવાદ શહેરમાં તથા અમદાવાદની આજુબાજુમાં આવેલા જુદા જુદા શહેરમાં જઈ ચોરીઓ કરેલ છે. જેમાં

(૧) અઠવાડીયા પહેલાં ડાકોર પોસ્ટ ઓફિસના કંપાઉન્ડમા એક મો.સા.રેકઝીનની ડેકી ખોલી રોકડા રૂ.૪૦,૦૦૦/- ની ચોરી કરેલ. ડાકોર.

(૨) સાત આઠ દિવસ પહેલા હિંમતનગર ખાતે થેલામાંથી રોકડા રૂ.૧,૩૪,૦૦૦/-

(૩) દસ બાર દિવસ અગાઉ મહુધા ખાતે એક દુકાનના કાઉન્ટર પાસેથી લેપટોપ સાથેના થેલાની ચોરી કરેલ

(૪) ચારેક માસ અગાઉ નરોડા પાટીયા પાસે મેડીકલ સ્ટોર આગળ એક મો.સા.ના હુકમાંથી ૫,૦૦૦/-ની ચોરી કરેલ

(૫) ચારેક માસ અગાઉ અમદાવાદ, રીલીફ રોડ પર દસ દસની નોટો નાંખી નજર ચુકવી ગાડીમાંથી રોકડા રૂ.૯૦,૦૦૦/- ની ચોરી કરેલ.

(૬) દોઢેક માસ પહેલા ખેડા શહેરમાં એક શોપીંગ સેન્ટર આગળ એક માણસના શરીર પર કેમિકલ નાખી તેની નજર ચુકવી બેગમાંથી રોકડા રૂ.૩૦,૦૦૦/- ની કરેલ.

(૭) બે માસ પહેલા ખેડા નેશનલ હાઈવે ખાતે એક ફોર વ્હીલ ગાડીનો કાચ તોડી તેમાંથી રૂ.૨,૪૨,૦૦૦/- ની ચોરી કરેલ.

(૮) દસેક દિવસ પહેલા ખેડા એસ.ટી.બસ સ્ટેન્ડ આગળથી એક માણસની નજર ચુકવી રોકડા રૂ.૧૦,૦૦૦/- ની ચોરી કરેલ.

(૯) એકાદ માસ પહેલા નડીયાદ, કબ્રસ્તાન ચોકડી પાસે એક મો.સા.ના હુકમાંથી રૂ.૫,૦૦,૦૦૦/- સાથેની બેગની ચોરી કરેલ.

(૧૦) પંદરેક દિવસ અગાઉ ખેડા ટોલનાકા પાસે આવેલ સવેરા હોટલ આગળથી મો.સા.ના હુકમાં ભરાવેલ રોકડા રૂ.૫૦,૦૦૦/- સાથેની બેગની ચોરી કરેલ.

(૧૧) ૨૦-૨૫ દિવસ અગાઉ પ્રાંતીજ મુકામે એસ.ટી. બસ સ્ટેન્ડની બાજુમા સરકારી કચેરીની સામે એક મો.સા. ના હુકમાંથી રોકડા રૂ.૨૦,૦૦૦/- ની બેગની ચોરી કરેલ.

(૧૨) ૨૦-૨૫ દિવસ અગાઉ બાલાસિનોર એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે પાર્કીંગમાં એક મો.સા.ના હુકમાંથી હતે રૂ.૬૫,૦૦૦/-સાથેની બેગની ચોરી કરેલ.

આ તમામ ઈસમો તેઓને મળતા નાણા સરખા ભાગે વહેંચી દેતા હતા અને આ નાણા તેઓ પોતાના વતનમાં મોકલી દેતા હોવાનું પુછપરછમાં જણાવેલ છે. આ આરોપીઓએ અગાઉ ૧૫૦ થી વધુ જગ્યાઓએ ચોરીઓ કરેલ હોવાનુ અને આટલી બધી ચોરીઓ કરેલ હોવાથી તારીખ, સમય અને જગ્યાઓ ભુલી ગયેલ હોવાનુ જણાવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)